# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-08-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1. ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે મુખ્યમંત્રીએ 14 આદિજાતિ જિલ્લામાં 2 હજાર 500 જેટલા વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યા
2. રાજ્ય સહિત દેશભરમાં આજે ભાઈ-બહેનના સ્નેહના પર્વ રક્ષાબંધનની ઉજવણી.
3. તાપી જિલ્લાના સોનગઢમાં બે બાઇક વચ્ચે અકસ્માત થતાં ત્રણ યુવકોના મોત
4. રાજ્યમાં આગામી 6 દિવસ વરસાદની શક્યતા નહીંવત.
5. **મહેસાણાના વડનગરમાં રમાયેલી આંતર જિલ્લા મહિલા ફૂટબોલ સ્પર્ધામાં ખેડાની ટીમ વિજેતા.**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CM BIRSA MUNDA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું , દેશની સંસ્કૃતિ અને સ્વતંત્રતાના રક્ષણમાં સેંકડો વર્ષ સુધી આદિવાસીઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. ભગવાન બિરસા મુંડાની

150મી જન્મજયંતી વર્ષના ઉપલક્ષ્યમાં સુરતના માંડવી ખાતે યોજાયેલા સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ. આ પ્રસંગે તેમણે રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં કુલ 480 કરોડના 2 હજાર 500 જેટલા વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યા હતા. આ ઉપરાંત આદિવાસી વિભાગના વિવિધ યોજનાઓના સવા કરોડ રૂપિયાના લાભ સહાયનું વિતરણ અને એક કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. સમારોહ દરમિયાન શ્રી પટેલે આદિજાતિ કલ્યાણ માટે સરકારની કામગીરીની વિગતો આપી.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

શ્રી પટેલે કહ્યું , માનગઢમાં ગોવિંદગુરુ શહીદ વન , પાલદઢ વાવમાં વિરાંજલી વન તેમજ આદિવાસી સમાજનાં આસ્થા કેન્દ્રોના વિકાસ માટે રાજ્ય સરકારે અનેક પગલાં લીધા છે.

# BIRSA MUNDA BIRTH ANNIVERSARY

બનાસકાંઠા જિલ્લાના અંબાજી ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં બિરસા મુંડાની 150મી જન્મજયંતિ વર્ષની ઉજવણી કરાઈ. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યુ , દાંતાથી ડાંગ સુધી 90 લાખ લોકોના વિકાસ માટે અનેક યોજનાઓ અમલી બનાવાઇ છે. તેમણે ઉમેર્યું કે અંગ્રેજો સામે સ્વતંત્રતા અને સ્વાભિમાન માટેની વનબંધુઓની સશક્ત લડતને આજે દેશ ગૌરવભેર યાદ કરે છે.

(બાઇટ : ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી )

આ કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે આદિજાતિ લાભાર્થી અને વિદ્યાર્થીઓને પ્રશસ્તિ પત્ર, ચેક અને સહાયના મંજૂરી હુકમનું વિતરણ કર્યું. જ્યારે નવસારી જિલ્લાના વાંસદા ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આદિજાતીના 10 લાભાર્થીઓને

વિવિધ સહાય , લાભો વિતરણ કરવા સહિત 12 નાગરિકોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા.

ડાંગના આહવા ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત 133 કરોડ રૂપિયાથી વધુના 70 કામોનું લોકાર્પણ અને 84 લાખના 25 કામોનું ખાતમુહૂર્ત કરાયું. જ્યારે તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના બાબરઘાટમાં 36 વિકાસ કામોનું ઈ-લોકાર્પણ કરાયું. નર્મદા જિલ્લાના રાજપીપલાના ડો. આંબેડકર ભવન ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી કરાઈ. છોટાઉદેપુર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલ જ્યારે જેતપુર પાવીના કલારાણી ખાતે રાજ્ય કક્ષાના મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો.

# Rakshabandhan- state-1

રાજ્ય સહિત દેશભરમાં આજે ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પર્વ રક્ષાબંધનની ઉજવણી થઈ રહી છે.

ખેડા જિલ્લાના પવિત્ર યાત્રાધામ ડાકોરમાં દરેક પૂનમનું વિશેષ મહત્વ હોય છે પણ આ પૂનમે રણછોડરાયજીના દર્શન કરવા ભક્તો દુરદુરથી આવતા હોય છે. અને ડાકોર માં કોણ છે ? રાજા રણછોડ છે નાં નાદ સાથે મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું.

મહેસાણા જિલ્લા સબજેલ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. બહેનોએ પોતાના ભાઈઓને રાખડીઓ બાંધી હતી. દરેક બહેનને છોડ આપવામાં આવ્યો હતો.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે પણ રક્ષાબંધનની શુભકામના પાઠવતા પ્રતિક્રિયા આપી.

(બાઇટ: સી.આર.પાટીલ, કેન્દ્રીય જળ શક્તિ)

ભાવનગર જિલ્લા જેલમાં બંદીવાન ભાઇઓ માટે પ્રિઝન ઈન્ટરવેશન પોગ્રામ અને Link Worker Scheme ના સહયોગથી જીલ્લા જેલમાં રહેલા બંદીવાનો માટે રક્ષાબંધનના પર્વ નિમિત્તે જેલ સ્ટાફને રાખડી બાંધી મોઢું મીઠું કરાવવા ઉજવણી કરવામાં આવી.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ સીટી પોલીસ સ્ટેશનની શી ટીમ દ્વારા પવિત્ર રક્ષાબંધનનાં તહેવાર સબબ સાંપ્રત એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં રહેતા દિવ્યાંગોને રાખડી બાંધી રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો.

ભૂદેવો દ્વારા આજે શાસ્ત્રોક્ત વીધી દ્વારા જનોઈ બદલી છે. મોરબીમાં ભૂદેવોએ શાસ્ત્રોક્ત વિધિ સાથે સમૂહ યજ્ઞોપવિત્ર ધારણ કાર્યક્રમ યોજાયો , રક્ષાબંધનના પર્વે જનોઈ બદલવામાં આવે છે. ખેડા , વિગેરે પંથકમાં વસવાટ કરતા બ્રાહ્મણોએ નવી જનોઈ ધારણ કરી છે.

# TAPI ACCIDENT

તાપી જિલ્લાના સોનગઢમાં બે બાઇક વચ્ચે અકસ્માત થતાં ત્રણ યુવકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે લીંબી ત્રણ રસ્તા નજીક બે બાઈક સામ સામે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં એક યુવકની હાલત ગંભીર હોવાથી તેને હોસ્પિટલ સારવાર માટે ખસેડાયો હતો. અકસ્માતની ઘટનાને પગલે ઉકાઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMRELI MLA US VISIT

અમેરિકામાં લેજિસ્લેટિવ સમિટ 2025ની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકારની નીતિ વિષયક બાબતો, નવા ઇમર્જિંગ માર્કેટ અને ઇનોવેશન પર ચર્ચા તેમજ વૈશ્વિક નેતાઓ સાથે સંવાદનું આયોજન કરાયું છે. જેમાં અમરેલી જિલ્લાના બે ધારાસભ્ય મહેશ કસવાળા અને હીરા સોલંકી ઉપસ્થિત રહ્યા. તેમણે મેસેચ્યુસેટ્સ સ્ટેટ હાઉસની મુલાકાત લીધી હતી અને અમેરિકન ધારાકીય પ્રક્રિયાઓને વધુ નજીકથી સમજવાની તક મેળવી હતી. અમેરિકા ખાતે યોજાયેલી પરિષદમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે 10 ધારાસભ્યો ગયા છે.

# WEATHER FORECAST

રાજયમાં આગામી 6 દિવસ વરસાદની નહિવત શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છુટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

જોકે ત્યારબાદ રાજ્યમાં ભારે વરસાદનું કોઈ એલર્ટ નથી.

# PORBANDAR STHAPNA

પોરબંદરનો આજે 1036મો સ્થાપના દિવસ છે. અરબી સમુદ્રના કિનારે વસેલું પોરબંદર ગુજરાતના પ્રાચીન નગરો પૈકીનું દસમી સદીમાં વસેલું નગર છે. શહેર પોરબંદરને ભગવાન શ્રીકૃષ્ણના મિત્ર સુદામાની ભૂમિ પણ કહેવામાં આવે છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મહેશ લુક્કા)

# FOOTBALL TOURNAMENT

**મહેસાણાના વડનગરમાં રમાયેલી આંતર જિલ્લા મહિલા ફૂટબોલ સ્પર્ધામાં ખેડાની ટીમ વિજેતા થઈ છે. આજે** રમાયેલી ફાઇનલ મેચમાં ખેડાની નાઝબાનુ શેખના 25મી મિનિટે અને રૂપા રાઠવા દ્વારા 86મી મિનિટે કરેલા ગોલની મદદથી ખેડાની ટીમે અમદાવાદની ટીમને 2-0થી હરાવી સ્વ.ગુલાબ ચૌહાણ મેમોરિયલ ટ્રોફી, **આંતર જિલ્લા મહિલા ફૂટબોલ સ્પર્ધા** – 2025ની ટ્રોફી પોતાના નામે કરી છે. આ સ્પર્ધામાંથી 30 ખેલાડી અને 5 સ્ટેન્ડ બાય પ્લેયર્સનું ગુજરાતની ટીમના કેમ્પ માટે પસંદગી કરવામાં આવી છે.

# SURENDRANAGER MEDO

સુરેન્દ્રનગરમાં આ વર્ષે પ્રથમવાર આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના મેદાનમાં લોકમેળાનું આયોજન કરાયું છે. ત્યારે આશરે 30 હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં યોજાનારા આ લોકમેળાનું નામકરણ કરવા મહાનગરપાલિકાએ લોકો પાસેથી નામ મંગાવ્યા છે. આ વર્ષે મેળામાં 23 મોટી રાઈડસ, 32 ખાણીપીણીના સ્ટોલ, 94 રમકડાના સ્ટોલ, બે વોચ ટાવર, ઘોડિયાઘર, સેલ્ફી પોઇન્ટ ઉપલબ્ધ કરાવાશે.